ગાંધીનગર સમાચાર

## વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડકની અનુભૂતિ



**ટ્રાફીકનો ધમધમાટ** - શહેરમાં સેકટર-૧૧ના શોપીંગ કોમ્પ્લેક્ષની આસપાસ ટ્રાફીકનો ધમધમાટ વધતો જાય છે... નાની-મોટી ૩૦૦થી ઉપરાંત ઓફીસો અને દુકાનો ધરાવતા વિસ્તારમાં સવારે ૧૦થી ૧ અને સાંજે ૪ થી ૭ ટ્રાફીક જામ થાય છે... પાર્કીંગની અપૂરતી જોગવાઈ અને આડેધડ થતું પાર્કીંગ બંને કારણો સમગ્ર વિસ્તારનું ચિત્ર વરવું કરે છે... આજકાલ નાગરીક ધર્મની વાતો કરતા સૌ કોઈ પાર્કીંગ માટે ગંભીર નથી બનતા ત્યારે આ સ્થિતિ સર્જાય છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# જિલ્લા વન મહોત્સવ ૮મીએ મોટા ઈસનપુર ખાતે ઉજવાશે

### ૧૦ હજાર જેટલા રોપાઓનુ વાવેતર કરાશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર જિલ્લાના મોટા ઈસનપુર ગામમાં આગામી તા ૮ ઓગષ્ટના રોજ જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ૬૬ મા વન મહોત્સવની ઉજવણી પ્રસંગે રાજય કક્ષાના મંત્રી દિલીપ ઠાકોર સહિત વન વિભાગના અધિકારીઓ તેમજ ગ્રામજનો હાજરી આપશે. વન મહોત્સવની ઉજવણી અન્વયે ૧૦ હજાર જેટલા રોપાઓનુ વિતરણ કરવામાં આવશે.

વરસાદી દિવસો દરમિયાન જિલ્લામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.અગાઉ ગત તા ૩૦ જુલાઈના રોજ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર હતી પરંતુ કલામજીના અવસાન બાદ રાષ્ટ્રીય શોક જોહેર થતા હવે આગામી તા ૮ ઓગષ્ટના રોજ જિલ્લા કક્ષાના વન મહોત્સવની

● અનુસંધાન પાન-૭ પર

# માર્ગો પરથી વૃક્ષો દુર કરાયા બાદ ટ્રીમીંગ માટે શહેરમાં સર્વે કરશે

### વન તંત્રએ આડશ બનેલા ૧૭૦૦ જેટલા વૃક્ષો દુર કર્યા

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરમાં ધરાશાયી થયેલા વૃક્ષો દુર કરવાની કામગીરી હજુ પણ પૂર્ણ થઈ નથી જયારે વન



(તસવીર : દિપક જાની)

તંત્ર દ્વારા અત્યાર સુધીમાં જિલ્લામાંથી ૧૭૬૫ જેટલા વૃક્ષોને માર્કીંગ કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી હજુ પણ નમી પડેલા વૃક્ષો દુર કરવાની કામગીરી ચાલી

● અનુસંધાન પાન-૭ પર

### સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે વૃક્ષો યથાવત રહીશોની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી

ગાંધીનગરમાં તોફાની વરસાદના એક સપ્તાહ બાદ પણ જમીન દોસ્ત થયેલા વૃક્ષો ઘણાં ઠેકાણે યથાવત સ્થિતિમાં જોવા મળે છે. સેકટરોમાં ૧૦ દિવસના અંતે પણ વૃક્ષો દુર કરી શકાયા નથી. જેના પરિણામે માર્ગો પર આડશ બનેલા વૃક્ષો રહીશો માટે પણ અડચણ રૂપ બન્યા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.સેકટરોમાં રહીશોના ઘર આંગણે પણ ધરાશાયી થયેલા વૃક્ષો દુર કરવા નાગરિકોએ વન વિભોગની મદદ ન મળતા મજુરો મારફતે દુર કરવાનુ કામ હાથ ધર્યુ હતુ. આમછતા સેકટરોમાં વરસાદ દરમિયાન નમી પડેલા ઝાડની સંખ્યા વધુ છે. જયારે કોમન પ્લોટ તેમજ રસ્તાઓની આસપાસ હજુ પણ કેટલાક ઠેકાણેથી વૃક્ષો દુર કરવામાં આવ્યા નથી.શોપિંગ વિસ્તારમાં પણ કેટલાક ઠેકાણે નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં છે. વેપારીઓ તેમજ રહીશોની ફરિયાદોના અંતે પણ વન તંત્ર દ્વારા કોઈ કામગીરી હાથ ધરવામાં આવતી નથી.

# વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડકની અનુભૂતિ

ગાંધીનગર, તા. ૫

ગયા અઠવાડિયે વરસાદ બંધ થયા બાદ હજુ સુધી પુનઃ વરસાદે પધરામણી કરી નથી. આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યુ



(તસવીર : દિપક જાની)

હતુ અને રાત્રે પવન ફુંકાતા ઠંડકની અનુભૂતિ થઈ હતી.

જુલાઈ માસના અંતિમ દિવસોમાં શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ઉઘાડ સતત રહે છે. પરંતુ વરસાદ વરસાવે તેવા વાદળો ન આવતા બફારાનું સામ્રાજ્ય ફેલાયું હતું. બફારાથી લોકો કંટાળઈ ગયા હતા. જો કે ગઈકાલ રાતથી પવનની ગતિ વધી છે જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ-ચાર દિવસમાં જ પુનઃ વરસાદ વરસવાની શક્યતાઓ છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયુ હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૬૩ ટકા નોંધાયું હતું.

# એકઝીબીશન સેન્ટરમાંથી એડીસ મચ્છરોના લારવા અને બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૫

દેશના સૌથી મોટા પ્રદર્શન વિસ્તાર જૂના હેલિપેડ સે. ૧૭માંથી ડેન્ગ્યુના મચ્છરોના મોટી સંખ્યામાં બ્રિડીંગ મળી આવ્યા છે. તંત્રએ આ વિસ્તારમાં આજે સવારથી જ એન્ટી લારવેલની કામગીરી કરી હતી જે બપોર સુધી ચાલી હતી.

### ગાંધીનગર શહેર ડેન્ગ્યુ માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યું છે : અત્યાર સુધીમાં તંત્રને એડીસ મચ્છરોના બ્રિડીંગ સૌથી વધુ મળ્યા છે : એન્ટી લારવેલની કામગીરી સઘન કરાઈ

લારવા તેમજ પોરા મળી આવતા આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે.

ગાંધીનગર સે. ૧૭માં બનાવાયેલ એકઝીબીશન સેન્ટર વિસ્તારમાંથી આજે તંત્રની તપાસમાં મોટી સંખ્યામા ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના લારવા તેમજ

મળતી વિગતો પ્રમાણે દરેક ડોમ નજીકના શૌચાલયો તેમજ તેમાં ઉભા કરાયેલ ફુવારાઓના પોર્ટમાં આ બ્રિડીંગ એટલી મોટી સંખ્યામાં હતા કે આગામી દિવસોમાં શહેરમાં ડેન્ગ્યુનો હાહાકાર થયો હોત.

તંત્રએ આ વિસ્તારને સ્વચ્છ રાખવા તેમજ નિયમિત રીતે વરસાદી પાણીનો નિકાલ થાય તે માટે ઈન્ડેક્ષ-બી સત્તાવાળાઓને કડક તાકીદ પણ કરી દીધી છે.

અમદાવાદ શહેરમાં જે રીતે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસો દેખાઈ રહ્યા છે. ગાંધીનગર એ સૌથી નજીકનું શહેર તેમજ મોટી સંખ્યામાં લોકોની અવરજવરને ધ્યાને રાખી સંવેદનશીલ વિસ્તાર ગણાતો હોવાથી હરકતમાં આવેલા તંત્રએ જાહેર સ્થાનો પર ચકાસણીની કામગીરી શરૂ કરેલ છે.

ગાંધીનગર શહેરમાંથી અત્યાર સુધીની તપાસણીમાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના બ્રિડીંગ

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલથી રાજ્યભરમાં ગરીબ કલ્યાણમેળા યોજાશે

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સમાજના ગરીબ વર્ગના લોકોના ઉત્કર્ષ માટે અનેક નવતર પહેલ કરી છે. તદ્અનુસાર રાજ્ય સરકાર દ્વારા અમલી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ ગરીબ લોકોને મળે તેવા હેતુસર આઠમાં તબક્કામાં રાજ્યભરમાં ગરીબ કલ્યાણ મેળા યોજાશે. આ વર્ષે રાજ્યમાં બે તબક્કાઓમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે જે મુજબ રાજ્યભરમાં તા. ૭-૮ અને ૯ તેમજ ૨૧ અને ૨૩ ઓગસ્ટ ૨૦૧૫ દરમિયાન ગરીબ કલ્યાણ મેળા યોજાશે. રાજ્યભરમાં ૩૩ જિલ્લાઓમાં પ્રાંતકક્ષાના ૧૧૬ અને મહાનગરપાલિકા કક્ષાના ૧૨ મળીને કુલ ૧૨૮ જેટલા ગરીબ કલ્યાણ મેળા યોજાશે જેમાં ૨૨ વિભાગોની ૩૬૦ યોજનાઓના લાભ અપાશે. અંદાજિત ૧૨૬૬૧૭૭ લાભાર્થીઓને ૧૬૬૪૭૪ લાખની સહાયનું વિતરણ કરાશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આણંદ જિલ્લાના બોચાસણ ખાતે, ડાંગના જિલ્લાના વઘઈ ખાતે, ખેડા જિલ્લાના કઠલાલ ખાતે, ગિર સોમનાથ જિલ્લાના ઉના ખાતે, છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે, ભાવનગર જિલ્લાના જેસર ખાતે ઉપસ્થિત રહીને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ ગરીબ લાભાર્થીઓને આપશે.

# વરિષ્ઠ પત્રકાર ગૌતમ પુરોહીતના પિતા પ્રહલાદભાઈનું દુઃખદ અવસાન

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર



ગૌતમ પુરોહીતના પિતા પ્રહલાદભાઈનુ આજે સવારે અસ્થમાના એટેકથી અવસાન થયુ છે. સદગતની અંતિમયાત્રા બપોરે ૧:૩૦ કલાકે સે-૨૮ ખાતેના તેમના નિવાસ સ્થાનેથી નિકળી હતી. અંતિમ યાત્રામાં પત્રકારો સમાજના આગેવાનો સહિત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. અત્યંત સરળ અને નિખાલસ વ્યકિતત્વ ધરાવતા પ્રહલાદભાઈના નિધનથી તેમના પરિવારજનો તેમજ બ્રહમસમાજમાં શોકની લાગણી વ્યાપી છે.

નગરના વરિષ્ઠ પત્રકાર ગૌતમ પુરોહીતના પિતા પ્રહલાદભાઈનુ આજે ૭૨ વર્ષની વયે દુખદ અવસાન થયુ હતુ. આજે સવારે ૯:૪૦ વાગ્યાના અરસામાં તેમને

● અનુસંધાન પાન-૭ પર

# આજથી ગુજરાતની મુલાકાતે મોઝામ્બિકના રાષ્ટ્રપતિ

ગાંધીનગર, તા.૫

રીપબ્લિક ઓફ મોઝામ્બિકના રાષ્ટ્રપતિશ્રી તા.૬ ઓગસ્ટના રોજ સવારે એર ઈન્ડિયાના ખાસ વિમાનમાં નવી દિલ્હીથી અમદાવાદ આવશે. ત્યાંથી સીધા તેઓ સાંતેજ ખાતે આવેલ અરવિંદ મીલની મુલાકાત લેશે. ત્યાર બાદ એસ.જી.હાઈવે પર શો રૂમની મુલાકાત લેશે અને ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ યોજેલ ભોજન સમારંભમાં ઉપસ્થિત રહીને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સાથે વિચાર-વિમર્શ કરશે.

બપોર બાદ આઈ.આઈ.એમ. વસ્ત્રાપુર ખાતે આઈ.આઈ.એમ.ના ફેકલ્ટી મેમ્બર્સ સાથે ચર્ચા-વિચારણા કરશે. ત્યાર બાદ આઈ.આઈ.એમ. ખાતે ઈન્ડો-આફ્રીકન ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા યોજાયેલા બીઝનેસ સમારોહમાં ઉપસ્થિત રહેશે અને મોઝામ્બિકના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. ત્યાંથી તેઓ ગાંધી આશ્રમ, સાબરમતીની મુલાકાત લેશે અને સાંજે રાજયપાલશ્રીએ રાજભવન ખાતે યોજેલ ભોજન સમારંભમાં હાજરી આપશે.


**ભણતા-ભણતા**
**કમાવવાની ઉત્તમ તક**
પાર્ટ ટાઈમ તથા ફુલ ટાઈમ જોબ સાથે કાયમી જોબ.
મીનીમમ ધો.૧૨ પાસ જરૂરી
**સેલ્સમેન/સેલ્સ ગર્લ્સ જોઈએ છે**
**રૂબરૂ મળો**
**સવારે ૧૦ થી ૪ તા. ૭/૮/૧૫**
દુકાન નં. ૧૧૭ થી ૧૨૪, સ્વાગત રેઈન ફોરેસ્ટ-II, સ્વામિનારાયણ ધામની સામે, ગાંધીનગર

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**
SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**બેસણું**





શ્રી કાંતિલાલ પોપટલાલ પરમાર (શ્રી કે. પી. પરમાર), ચક્ષુદાતા, નિવૃત ખાસ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, તા. ૧-૮-૨૦૧૫, શનિવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૬-૮-૨૦૧૫, ગુરુવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ, સેક્ટર-૭ સી, (સેક્ટર-૭ની પોલીસ ચોકી સામે), ગાંધીનગર.
લી. ગં.સ્વ. પદ્માવતી કે. પરમાર (પત્ની)
રાજેન કે. પરમાર (પુત્ર) USA
દિવ્યા બી. અમીન (પુત્રી) USA
ડૉ. તરલિકા પી. ડૉક્ટર (પુત્રી)
ડૉ. સંગીતા આર. શાસ્ત્રી (પુત્રી) USA
ડૉ. હેતલ એચ. ગોહીલ (પુત્રી) USA
જ્યોતિ આર. પરમાર (પુત્રવધુ) USA
ડૉ. ભાવેશ આર. અમીન (જમાઈ) USA
ડૉ. પરીમલ એ. ડૉક્ટર (જમાઈ)
રાજશેખર એચ. શાસ્ત્રી (જમાઈ) USA
હેમેન્દ્ર બી. ગોહીલ (જમાઈ) USA







REQUIRED
STOCK MARKET LEADER FOR NEW OFFICE
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 1 Post
0 to 3 yrs experience.
Deserving candidate will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11, Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com